અનુસૂચિત જનજાતિ માટેની બેકલોગની
મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી
વર્ગ–૩ તથા હેડકલાર્કની જગ્યાઓ સીધી
ભરતીથી ભરવા અંગે.
શૈક્ષણિક લાયકાત બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશ૫/૧૫૦૪/૧૩૩૦/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– ૨૫/૭/૨૦૦૭

વંચાણે લીધોઃ– આ વિભાગનો તા.૨૩/૭/૨૦૦૭ નો સમાન ક્રમાંકનો ઠરાવ.

ઠરાવ :–

આ વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૩ માં ૧૧ તથા હેડકલાર્ક સંવર્ગમાં ૮ અનુસૂચિત જનજાતિની જગ્યાનો બેકલોગ હોવાથી તથા આ સંવર્ગમાં તેની ફીડર કેડરનાં અનુસુચિત જનજાતિના ઉમેદવારો ઉપલબ્ધ ન હોવાથી આ જગાઓ સીધી ભરતીથી ભરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ૩ ની ૧૧ તથા હેડકલાર્કની ૮ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની આ વિભાગના સમાન ક્રમાંકના તા.૨૩/૭/૨૦૦૭ ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૫/૨૦૦૧ ના અધિસૂચના ક્રમાંકઃ એસ.એસપી/૧૫૯૮/૮૭૮/અ થી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૩ ના ભરતી નિયમો છે. તે મુજબ આ જગ્યાઓ બઢતીથી ભરવાની જોગવાઈ છે. મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પૈકી ૧૧ જગ્યાઓ અનુસૂચિત જનજાતિની બેકલોગની જગાઓ છે. હાલ આ જગ્યાઓ માટે ફીડર કેડરમાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારો ઉપલબ્ધ ન હોઈ આ જગાઓ સીધી ભરતીથી ભરવા માટે ખાસ કિસ્સામાં નીચે મુજબની શૈક્ષણિક લાયકાત નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) કોઈ પણ માન્ય યુનિવર્સિટીના કોઈ પણ શાખાના સ્નાતક
(૨) કોમ્પ્યુટર જ્ઞાન સી.સી.સી ની પરીક્ષા પાસ કરેલ
(૩) કોઈ પણ માન્ય યુનિવર્સિટીના B.S.W./M.S.W.અથવા/
B.L.W./M.L.W. લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

→

૩. આ જગ્યાઓ માટે વયમર્યાદાઃ ઉંમર ૨૩ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ નહી હોવી જોઈએ જો કે અનામત કક્ષાના ઉમેદવારોને સરકારશ્રીના વખતો વખતના ઠરાવ મુજબ ૫ વર્ષ છૂટછાટ મળવાપાત્ર થશે.

૪. આ જગાઓ માટે આમુખમાં દર્શાવેલ ઠરાવથી અન્ય મુદ્દાઓ પરત્વે નિર્ણય લેવાયેલ છે. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પરની સામાન્ય વહીવટ વિભાગની તા.૨૧/૭/૨૦૦૭ તથા નાણા વિભાગની તા.૨૩/૭/૦૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

૫. અનુસૂચિતજાતિના બેકલોગની આ જગ્યાઓ ભરવા માટે જરુરી માંગણી પત્રક ગૌણ સેવા પસંદગી મંડળને તાત્કાલિક મોકલી આપવાની તજવીજ નિયામકશ્રી (વિ.જા) એ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી.જાડેજા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

–મા.મંત્રીશ્રી, સામાજીકન્યાય અને અધિકારીતાનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–મા.રા.ક.મંત્રીશ્રી,સામાજી શૈક્ષણિક પછાતવર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–અગ્ર સચિવશ્રી,સામાજીકન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
–સામાન્ય વહીવટ વિભાગ, (ગ.ર શાખા) સચિવાલય, ગાંધીનગર
–નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪,ગાંધીનગર
–નાણાંકીય સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાયબ સેકશન અધિકારીની અંગત ફાઈલ.
–વિભાગની સંકલન અને બજેટ શાખા)
–સિલેકટ ફાઈલ.

ટીઆરવી–૨૧

## પરિશિષ્ટ-અ

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નિયંત્રણ હેઠળની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી સંવર્ગની જગ્યાની વિગત.

| અનુ. | જગ્યાનું નામ | સંવર્ગ |
|---|---|---|
| ૧. | આદર્શ નિવાસી શાળા (કન્યા) પાટણ, જિ. પાટણ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી |
| ૨ | આદર્શ નિવાસી શાળા (કન્યા) નવસારી જિ. નવસારી | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી |
| ૩. | આદર્શ નિવાસી શાળા (કન્યા) પાટડી જિ. સુરેન્દ્રનગર | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી |
| ૪. | વર્કીંગમેન હોસ્ટેલ તબદીલ વડી કચેરી, ગાંધીનગર. | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી |

## પરિશિષ્ટ-બ

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નિયંત્રણ હેઠળની હેડ કલાર્ક સંવર્ગની જગ્યાની વિગત.

| અનુ. | જગ્યાનું નામ | સંવર્ગ |
|---|---|---|
| ૧. | આદર્શ નિવાસી શાળા અમરેલી | એકાઉન્ટન્ટ |
| ૨. | આદર્શ નિવાસી શાળા, ગાંધીધામ | એકાઉન્ટન્ટ |
| ૩. | આદર્શ નિવાસી શાળા, જામનગર | એકાઉન્ટન્ટ |
| ૪. | આદર્શ નિવાસી શાળા, ચકલાસી | એકાઉન્ટન્ટ |
| ૫. | આદર્શ નિવાસી શાળા, જુનાગઢ | એકાઉન્ટન્ટ |
| ૬. | આદર્શ નિવાસી, ડીસા | એકાઉન્ટન્ટ |